# ભારતીય રીઝર્વ બૅન્ક
# ચલણ પ્રબંધનનો વિભાગ

## નાગરિકોનો અધિકારપત્ર

### 1. નાગરિકોના અધિકારપત્રનો ઉદ્દેશ્ય

આરબીઆઈ નિર્ગમન કાર્યાલયો ખાતે અને નિર્દિષ્ટ શાખાઓ ખાતે નોટો અને સિક્કાઓના વિનિમય તથા પૂરી પાડવામાં આવતી સેવાઓનાં સામાન્ય માપદંડોની બાબતમાં ભારતીય રીઝર્વ બૅન્ક (આરબીઆઈ) દ્વારા પૂરી પાડવામાં આવતી વિભિન્ન સુવિધાઓ પર નાગરિકોનો અધિકારપત્ર માહિતી પૂરી પાડે છે.

### 2. આરબીઆઈ નિર્ગમન કાર્યાલયો ખાતે ઉપલબ્ધ સેવાઓ

આરબીઆઈ નિર્ગમન કાર્યાલયો, જ્યાં નિર્ગમન વિભાગ કાર્યરત છે ત્યાં, જાહેર જનતાના સભ્યોને, તેમની ગંદી અને ફાટેલી ચલણી નોટો અને પ્રવર્તમાન ન હોય તેવા તથા ઘસાઈ ગયેલા સિક્કાઓ સહિત, સિક્કાઓ બદલી આપવાની સગવડ પ્રસ્તુત કરે છે. સંબંધિત આરબીઆઈ નિર્ગમન કાર્યાલયોના કામકાજના કલાકો દરમિયાન તેમના કાઉન્ટરો પર નિઃશુલ્ક વિનિમય સુવિધા પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

### 3. વિનિમય સુવિધાઓ પૂરી પાડતાં આરબીઆઈ નિર્ગમન કાર્યાલયો

અમદાવાદ, બેંગલોર, બેલાપુર (નવી મુંબઈ), ભોપાલ, ભુવનેશ્વર, ચંડીગઢ, ચેન્નઈ, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, જમ્મુ, કાનપુર, કોચી, કોલકાતા, લખનૌ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, પટણા અને થિરુવઅન્થપુરમ્ ખાતે સ્થિત બૅન્કનાં ક્ષેત્રીય કાર્યાલયોનાં કાઉન્ટરો પર સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આરબીઆઈ કાર્યાલયો અને ટેલીફોન નંબરો પરિશિષ્ટમાં આપવામાં આવ્યાં છે.

### 4. બૅન્કના જાહેર કાઉન્ટરો પર ગંદી અને ફાટેલી નોટો તથા સિક્કાઓનું વિનિમય

બૅન્કનાં કાર્યાલયોના કાઉન્ટર પરથી જાહેર જનતાના સભ્યો નિમ્નલિખિત સુવિધાઓ જાતે પ્રાપ્ત કરી શકશે. સેવા શુલ્કો અને ફરિયાદ નિવારણ કાર્ય–પદ્ધતિ વિષે સેવાઓ અને માહિતી પ્રાપ્ત કરવાની પ્રક્રિયા નિમ્નાનુસાર છે.

| ક્રમાંક | પ્રસ્તુત સેવાઓ | સેવા પ્રાપ્ત કરવાની પ્રક્રિયા | સેવા શુલ્ક | સમયમર્યાદા |
|---|---|---|---|---|
| I. | ક) નોટો અને સિક્કાઓનું વિનિમય, અને<br>ખ) કાઉન્ટર પર ક્ષતિગ્રસ્ત નોટોનું વિનિમય (કેવળ થોડાક ટૂકડાઓ માટે) | જયાં વિનિમય સુવિધા આપવામાં આવે છે તે કાઉન્ટરોના ક્રમાંક પ્રત્યેક બૅન્કના કાર્યાલયમાં બૅન્કિંગ કક્ષમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. નિર્દિષ્ટ કાઉન્ટરો વિષે માહિતી માટે નિર્દિષ્ટ કાઉન્ટરો અથવા પૂછપરછ કાઉન્ટરો પર જાઓ. જો કોઈ મુશ્કેલી હોય તો, મધ્યવર્તી અધિકારીનો સંપર્ક કરવો, જેમનું નામ બૅન્કિંગ કક્ષમાં દર્શાવાયેલું છે. | નિઃશુલ્ક | બૅન્કિંગના કલાકો દરમિયાન સ્થળ પર જ ચુકવણી. બૅન્કિંગના કલાકો બૅન્કિંગ કક્ષમાં દર્શાવવામાં આવ્યા છે અથવા પૂછપરછ કાઉન્ટર પરથી જાણી શકાશે. |

| | | | | |
|---|---|---|---|---|
| II. | ટીએલઆર કવર દ્વારા ક્ષતિગ્રસ્ત નોટોનું વિનિમય (મોટી સંખ્યામાં ટૂકડાઓ હોય તે માટે) | નિર્દિષ્ટ કાઉન્ટર પર ટીએલઆર કવર માગો અથવા વધુ માહિતી માટે પૂછપરછ કાઉન્ટરનો સંપર્ક કરો.<br><br>ટીએલઆર કવર ઉપર આવશ્યક માહિતી ભરો.<br><br>ટીએલઆર કવર ઉપર, જ્યાં વિનિમય મૂલ્ય જમા થાય એ જોઈતું હોય તે બૅન્ક/ શાખા/ ખાતા ક્રમાંકની વિગતો ભરો.<br><br>સામાન્યપણે નિમ્નાનુસાર વિનિમય મૂલ્ય ચુકવવામાં આવશેઃ<br><br>ઈસીએસ ક્રેડિટઃ દાવેદારના બૅન્કના ખાતામાં ઈસીએસ દ્વારા રકમ જમા કરાવવામાં આવશે, તે એ શરતે કે, ઈસીએસ આદેશ આરબીઆઇને સુપરત કરવામાં આવ્યો હોય.<br><br>ચુકવણી આદેશઃ જો દાવેદાર સ્થાનિક નિવાસી હોય અને ઈસીએસ આદેશ ઉપલબ્ધ ન હોય.<br><br>ડીમાન્ડ ડ્રાફ્ટ : જો દાવેદાર બહારગામના નિવાસી હોય.<br><br>મની ઑર્ડર : જો દાવેદાર બહારગામના નિવાસી હોય અને કોઈપણ બૅન્ક ખાતું ધરાવતા ન હોય.<br><br>5. ફાટી ગયેલી/કપાયેલી નોટો બંધ કવરમાં કામકાજના સામાન્ય કલાકો પૂરા થયાના એક કલાક પછી સુધી ટ્રિપલ લૉક રીસેપ્ટૅકલમાં પ્રાપ્ત કરવામાં આવશે.<br><br>જો કોઈ સમસ્યા હોય તો, પૂછપરછ કાઉન્ટર અથવા મધ્યવર્તી અધિકારીનો સંપર્ક કરવો, જેમનું નામ બૅન્કિંગ કક્ષમાં પ્રદર્શિત કરવામાં આવ્યું છે. | ઈસીએસ નિઃશુલ્ક.<br><br>મનીઑર્ડર (એમઓ)<br>રૂ. 1000 સુધી કશું જ શુલ્ક નહીં.<br>રૂ. 1000થી વધુ રકમ માટે પોસ્ટ ઑફિસ દ્વારા લેવાતું વાસ્તવિક શુલ્ક.<br>ડીમાન્ડ ડ્રાફ્ટ (ડીડી)<br>ચુકવવામાં આવતી રકમ પર લાગુ હોય તે અનુસાર વિનિમયની રકમ.<br><br>પૅમેન્ટ ઑર્ડર (પીઓ)<br>નિઃશુલ્ક. | ઈસીએસ<br>ક્ષતિગ્રસ્ત નોટની પ્રાપ્તિની તારીખથી 4 કામકાજી દિવસોમાં વિનિમય મૂલ્ય દાવેદારના ખાતામાં જમા થઈ જશે.<br><br>એમઓ / ડીડી/ પીઓ<br>એમઓ / ડીડી/ પીઓ<br>ક્ષતિગ્રસ્ત નોટની પ્રાપ્તિની તારીખથી 4 કામકાજી દિવસોમાં દાવેદારને મોકલવામાં આવશે. |

| | | | | |
|---|---|---|---|---|
| III. | વીમિત પાર્સલ મારફત ક્ષતિગ્રસ્ત નોટોનું વિનિમય (ઘણી મોટી સંખ્યાના ટૂકડાઓ માટે) | ક્ષતિગ્રસ્ત નોટો વીમિત અને રજીસ્ટર્ડ પાર્સલ દ્વારા સંબદ્ધ નિર્ગમન કાર્યાલયના જમનરલ/ ડેપ્યુટી મૅનેજરને મોકલાજો, જેમનું સરનામું પૂછપરછ કાઉન્ટર પરથી અથવા ભારતીય રીઝર્વ બૅન્કની વેબસાઇટ પરથી મળી શકશે.<br>મોકલવામાં આવેલી નોટોની વિગતો, મોકલનારનું નામ, સરનામું તથા બૅન્ક ખાતાની વિગતો સંલગ્ન પત્ર દ્વારા મોકલાવજો.<br>ઈસીએસ દ્વારા વિનિમય મૂલ્ય બૅન્ક ખાતામાં જમા કરવામાં આવશે.<br>વિનિમય મૂલ્યની ચુકવણી પૅમેન્ટ ઑર્ડર/ ડીમાન્ડ ડ્રાફ્ટ/ મનીઑર્ડર દ્વારા પણ કરી શકાશે.<br>જો કોઈ પણ મુશ્કેલી હોય તો, સંબદ્ધ નિર્ગમન કાર્યાલયનો ટેલીફોન દ્વારા અથવા ઈ–મેલ દ્વારા સંપર્ક કરી શકાશે, જે ભારતીય રીઝર્વ બૅન્કની વેબસાઇટ પરથી મળી શકશે. | ક્રમાંક 2માં દર્શાવ્યા અનુસાર. | ઈસીએસ<br>ક્ષતિગ્રસ્ત નોટની પ્રાપ્તિની તારીખથી 15 કામકાજી દિવસોમાં વિનિમય મૂલ્ય દાવેદારના ખાતામાં જમા કરાવવામાં આવશે.<br>એમઓ/ ડીડી/ પીઓ<br>એમઓ/ ડીડી/ પીઓ<br>ક્ષતિગ્રસ્ત નોટની પ્રાપ્તિની તારીખથી 15 કામકાજી દિવસોમાં દાવેદારને મોકલવામાં આવશે. |
| IV. | વિશેષ પ્રક્રિયા અંતર્ગત ક્ષતિગ્રસ્ત નોટોનું વિનિમય (એવી નોટો જે અત્યંત જર્જરિત, ખરાબ રીતે બળેલી, શેકાઈને કાળી પડેલી, એકબીજા સાથે અલગ ન કરી શકાય તે રીતે ચોંટી ગયેલી, અને તેથી તેને હાથ ધરવાનું શક્ય ન હોય અથવા સમય જતાં જે તેની મૂળ ઓળખ ગુમાવી બેસે તેવી હોય) | પૂછપરછ કાઉન્ટર/ એજીએમ/ મૅનેજર (દાવા વિભાગ)નો સંપર્ક કરજો.<br>નિર્દિષ્ટ પ્રારૂપમાં અરજી સુપરત કરજો.<br>ક્ષતિગ્રસ્ત નોટ અરજીની સાથે જમા કરાવવાની નથી.<br>જે તારીખે નોટો અંગે નિર્ણય લેવાનો હશે તે તારીખ વિષે દાવા વિભાગમાંથી સૂચનાની પ્રતીક્ષા કરો.<br>નિર્ધારિત તારીખે, ક્ષતિગ્રસ્ત નોટો દાવા વિભાગમાં લઈ આવજો. | ક્રમાંક 2માં દર્શાવ્યા અનુસાર. | ક્રમાંક 2માં દર્શાવ્યા અનુસાર. |

| | | | | |
|---|---|---|---|---|
| | | જો તેમની ઈચ્છા હશે તો, દાવેદાર તેમની ક્ષતિગ્રસ્ત નિર્ણય પ્રક્રિયા પ્રત્યક્ષ જોઈશકશે.<br>ક્ષતિગ્રસ્ત નોટોને ચોંટાડશો નહીં/ પુનર્ગઠિત કરશો નહીં. તેના મૂળ રૂપે ક્ષતિગ્રસ્ત નોટો લાવો. | | |
| V | કૉઇન વેન્ડિંગ મશીન દ્વારા સિક્કાઓ સામે નોટોનું વિનમય | કૉઇન વેન્ડિંગ મશીન ઉપર દર્શાવેલ સૂચનાઓનું પાલન કરો. જો કાઈ મુશ્કેલી હોય તો, પૂછપરછ કાઉન્ટર અથવા મધ્યવર્તી અધિકારીનો સંપર્ક કરજો. | નિઃશુલ્ક | બૅન્કિંગના કલાકો દરમિયાન સ્થળ પર જ ચુકવણી. |

***5. ગ્રાહક સંબંધી સમસ્યાઓમાં ધ્યાન રાખતા મધ્યવર્તી અધિકારીનું નામ ભારતીય રીઝર્વ બેન્કની લાગતાવળગતા ક્ષેત્રીય કાર્યાલય પાસે ઉપલબ્ધ છે.***

**6. ફરિયાદ નિવારણ**

કાઉન્ટર પરથી ઉપલબ્ધ સેવાઓથી જો સંતુષ્ટ ન હો તે કિસ્સામાં અથવા બૅન્ક દ્વારા આપવામાં આવતી સેવાઓ સુધારવા માટેનાં કોઈસૂચનો હોય તો, આપ આપની ફરિયાદ/ સૂચન નિમ્નલિખિત રીતે અમને મોકલાવી શકો છોઃ

(I) આપની ફરિયાદ/ સૂચના, આ હેતુ માટે બૅન્કિંગ કક્ષમાં રાખવામાં આવેલા પારદર્શક ડ્રોપ બૉક્સમાં નાખી દેજો.

(II) આપની ફરિયાદ/ સૂચના, પૂછપરછ કાઉન્ટર ખાતે રાખવામાં આવેલા ફરિયાદ/ સૂચના રજીસ્ટરમાં લખો.

(III) આપની ફરિયાદ/ સૂચના, જનરલ મૅનેજર/ ડેપ્યુટી જનરલ મૅનેજર, ભારતીય રીઝર્વ બૅન્ક, નિર્ગમન વિભાગને ટપાલ/ કુરિયર મારફત મોકલાવજો.

(IV) આપની ફરિયાદ/ સૂચના અમને ઈ–મેલ દ્વારા helpdcm@rbi.org.in ખાતે મોકલાવજો.

(V) આપની ફરિયાદના નિવારણ માટે આપ નિર્ગમન વિભાગના નિમ્નલિખિત અધિકારીઓને વ્યક્તિગતપણે અથવા ટેલીફોન દ્વારા સંપર્ક કરી શકો છો.

| ક્રમાંક | અધિકારીનું નામ | પદ | સરનામું | ટેલીફોન નંબર | ઈ–મેલ |
|---|---|---|---|---|---|
| 1. | | જનરલ મૅનેજર | | | |
| 2. | | ડેપ્યુટી જનરલ મૅનેજર | | | |
| 3. | | એસિસ્ટન્ટ જનરલ મૅનેજર | | | |
| 4. | | ખજાનચી | | | |

(vi) **આપની ફરિયાદ / સૂચન તરત જ સ્વીકારવામાં આવશે અને આપનો પત્ર પ્રાપ્ત થયાની તારીખતી એક મહિનાની અંદર ફરિયાદ નિવારણ માટે ઉપયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**

## 7. સેવાની સામાન્ય શરતો

(i) બૅન્ક દ્વારા ફાટેલી / કપાયેલી નોટો ભારતીય રીઝર્વ બૅન્ક (નોટ રીફન્ડ) નિયમો અંતર્ગત સવલતના રૂપે વિનિમિત કરી આપવામાં આવે છે. જ્યારે નિયમો અંતર્ગત ફાટેલી / કપાયેલી નોટો ચુકવણીપાત્ર ન હોય તો, તેને અસ્વીકૃત કરવામાં આવે છે અને નોટ આપનારને અસ્વીકૃતિની સૂચના જારી કરવામાં આવે છે. અસ્વીકૃત નોંધ બૅન્ક દ્વારા જાળવવામાં આવે છે અને ચાર મહિના પછી તેને નષ્ટ કરી દેવામાં આવે છે. આ ચાર મહિનાની જાળવણી અવધિ દરમિયાન પુનર્વિચારણા માટે સંબદ્ધ અધિકારીને અપીલ કરી શકે છે.

ii) જે નોટ / સિક્કાઓ નકલી / બનાવટી હોવાનું જાણવા મળશે તેને જપ્ત કરવામાં આવશે અને તેનું કશું જ મૂલ્ય ચુકવવામાં નહીં આવે. આવી નોટ / સિક્કાઓ આપનારને તે અંગેની ચૂચના જારી કર્યા પછી બૅન્ક દ્વારા રાખવામાં આવશે.

iii) આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવતી નોટોની સુરક્ષા લાક્ષણિકતાઓ જાહેર જનતાના સભ્યોની માહિતી માટે બૅન્કની વેબસાઇટ http://www.rbi.org.in/currency/banknotes.html પર આપવામાં આવે છે.

iv) નોટો અને સિક્કાઓની માગણી ગ્રાહકની ખરી વ્યાવસાયિક / વ્યક્તિગત આવશ્યકતાને અનરૂપ હોવી જોઈએ.

## 8. ગંદી અને ફાટેલી નોટો અને સિક્કાઓનું વ્યાપારિક બૅન્કોના કાઉન્ટરો પર વિનિમય

(i) ચૂનંદા કેન્દ્રો ખાતે રીઝર્વ બૅન્કનાં કાર્યાલયો આવેલાં છે. આ કારણે બૅન્કે, ગંદી નોટોના વિનિમય, નોટોને સિક્કાઓમાં અને સિક્કાઓને નોટોમાં વિનિમિત કરવાની સગવડની જોગવાઈ શેડ્યુલ્ડ વ્યાપારિક બૅન્કોની શાખાઓ ખાતે કરી છે. જ્યારે ગંદી નોટોના વિનિમયની સુવિધા જાહેર ક્ષેત્રની બધી જ શાખાઓમાં અને ખાનગી બૅન્કોની શાખાઓમાં ઉપલબ્ધ છે, ત્યારે ફાટેલી/કપાયેલી નોટોના વિનિમયની સગવડ, વ્યાપારિક બૅન્કોની નિર્દિષ્ટ બૅન્ક શાખાઓમાં જ ઉપલબ્ધ હોય છે. જ્યાં ફાટેલી નોટોને બદલી શકાવાય છે, તે નિર્દિષ્ટ બૅન્ક શાખાઓની સૂચિ, આરબીઆઈ કાર્યાલયના પૂછપરછ કાઉન્ટર પર ઉપલબ્ધ છે. આવી નિર્દિષ્ટ શાખાઓને પણ ફાટેલી નોટોની વિનિમય સુવિધાની ઉપલબ્ધિ અંગેની સૂચનાઓ નોટિસ બૉર્ડ પર પ્રદર્શિત કરવાની સૂચના આપવામાં આવી છે. જો કોઈ કિસ્સામાં કોઈપણ શાખા વિનિમય સુવિધા આપવાનો ઈન્કાર કરે તો, જાહેર જનતાના અસંતુષ્ટ સભ્યો સંબદ્ધ વ્યાપારિક બૅન્કના પ્રમુખ અને મેનેજિંગ ડાયરેક્ટર/સીઈઓને ફરિયાદ કરી શકે છે. જો ફરિયાદનું નિવારણ ન થાય તો, એ બાબત ભારતીય રીઝર્વ બૅન્કના સંબદ્ધ ક્ષેત્રીય કાર્યાલયના ધ્યાને લાવી શકાય છે.

(ii) અન્ય બૅન્કોની શાખાઓ, એટલે કે, સહકારી બૅન્ક અને ક્ષેત્રીય ગ્રામિણ બૅન્ક પાસેથી અપેક્ષિત છે કે, તેમની સુવિધાનુસાર નોટો અને સિક્કાઓ બદલી આપવા. તેમને, જો કે, ફાટેલી નોટોનું વિનિમય કરવાનો અધિકાર નથી.

## 9. સૂચન / ટિપ્પણી

જાહેર જનતાના કોઈ સભ્યે નાગરિક અધિકારપત્ર વિષે જો કોઈ સૂચન / ટિપ્પણી આપવાની હોય તો, તેઓ મુખ્ય જનરલ મેનેજર, ચલણ પ્રબંધન, ભારતીય રીઝર્વ બૅન્ક, સેન્ટ્રલ ઑફિસ, અમર બિલ્ડિંગ, 4થે માળે, સર પી. એમ. રોડ, ફૉર્ટ, મુંબઈ – 400 001 સરનામે લખી શકે છે.

**પરિશિષ્ટ**

## આરબીઆઈ જારીકરણ કાર્યાલયો અને તેમના અધિકાર ક્ષેત્ર

| ક્રમાંક | આરબીઆઈ કાર્યાલયનું નામ અને સરનામું | અધિકાર ક્ષેત્ર |
|---|---|---|
| 1. | જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા, ઇશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>2જે માળે, ગાંધી પુલ પાસે,<br>અમદાવાદ – 380 014. | ગુજરાત રાજ્ય અને દાદરા અને નગર હવેલી તથા દમણ અને દિવનો કેન્દ્રશાસિત પ્રદેશ. |
| 2. | જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા, ઇશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>10/3/8, નૃપથુન્ગા રોડ,<br>બેંગલોર – 560 001. | કર્ણાટક રાજ્ય |
| 3. | જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા, ઇશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>પંડિત જવાહરલાલ નેહરુ માર્ગ, પોસ્ટ બૉર્ક્સ નં. 16,<br>ભુવનેશ્વર – 751 001. | ઓરિસ્સા રાજ્ય |
| 4. | જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા, ઇશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>મુખ્ય બિલ્ડિંગ, શહીદ ભગતસિંહ માર્ગ,<br>મુંબઈ – 400 001. | બૃહદ્ મુંબઈ એટલે કે, મુંબઈ ટાપુ અને ઉપનગરીય જિલ્લો (અનુક્રમે પશ્ચિમ અને સેન્ટ્રલ રેલ્વે પર દહિસર અને મુલુંડને જોડતી સાધારણપણે દક્ષિણ તરફની રેખા) |
| 5. | ડેપ્યુટી જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા, ઇશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>હોશંગાબાદ રોડ,<br>પોસ્ટ બૉક્સ નં. 32, ભોપાલ – 462 011. | મધ્ય પ્રદેશ રાજ્ય |
| 6. | ડેપ્યુટી જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા, ઇશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>પ્લોટ નં. 3, સેક્ટર 10,<br>એચ. એચ. નિર્મળાદેવી માર્ગ,<br>સીબીડી બોલાપુર,<br>નવી મુંબઈ – 400 614. | મહારાષ્ટ્ર અને ગોવા રાજ્યમાં અહમદનગર, કોલ્હાપુર, નાશિક, પુણે, રાયગઢ, રત્નાગિરી, સાંગલી, સતારા, સિંધુદુર્ગ, સોલાપુર અને થાણે જિલ્લાઓ. |
| 7. | ડેપ્યુટી જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા, ઇશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>સેન્ટ્રલ વિસ્ટા, ટેલીફોન ભવનની સામે,<br>સેક્ટર 17, ચંડીગઢ – 160 017. | હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ રાજ્યો અને ચંડીગઢનો કેન્દ્રશાસિત પ્રદેશ |
| 8. | જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા, ઇશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>ફૉર્ટ ગ્લૅસિસ નં. 16, રાજાજી સલાઈ,<br>પોસ્ટ બૉક્સ નં. 40,<br>ચેન્નઈ – 600 001. | તામળિનાડ રાજ્ય અને પોંડિચેરીનો કેન્દ્રશાસિત પ્રદેશ. |

| ક્રમાંક | આરબીઆઈ કાર્યાલયનું નામ અને સરનામું | અધિકાર ક્ષેત્ર |
|---|---|---|
| 9. | જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા, ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>સ્ટૅશન રોડ, પાનબજાર,<br>પોસ્ટ બૉક્સ નં. 120, ગુવાહાટી – 781 001. | આસામ, અરુણાચલ પ્રદેશ,<br>મણિપુર, મેઘાલય, મિઝોરમ,<br>નાગાલૅન્ડ અને ત્રિપુરા રાજ્યો. |
| 10. | જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા, ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા,<br>6–1–65, સેક્રેટરિઍટ રોડ, સૈફાબાદ,<br>હૈદરાબાદ – 500 004. | આન્ધ્ર પ્રદેશ રાજ્ય. |
| 11. | ડેપ્યુટી જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા, ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>રેલ હેડ કૉમ્પ્લેક્સ,<br>જમ્મુ – 180 012. | જમ્મુ અને કાશ્મીર રાજ્ય. |
| 12. | જનરલ મેનેજર<br>ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા,<br>રામબાગ સર્કલ, ટોન્ક રોડ, પોસ્ટ બૉક્સ નં. 12,<br>જયપુર – 302 004. | રાજસ્થાન રાજ્ય. |
| 13. | જનરલ મેનેજર<br>ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા,<br>એમ. જી. માર્ગ પોસ્ટ બૉક્સ નં. 82/142,<br>કાનપુર – 208 001. | ઉત્તર પ્રદેશ અને ઉત્તરાંચલ રાજ્યો. |
| 14. | જનરલ મેનેજર<br>ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા,<br>પોસ્ટ બૉક્સ નં. 49,<br>કોલકાતા – 700 001. | સિક્કિમ, પશ્ચિમ બંગાળ<br>રાજ્યો અને આંદામાન અને<br>નિકોબારના કેન્દ્રશાસિત પ્રદેશો. |
| 15. | જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા, ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>મુખ્ય ઑફિસ બિલ્ડિંગ,<br>ડૉ. રાઘવેન્દ્ર રાવ રોડ, પોસ્ટ બૉક્સ નં. 15,<br>સિવિલ લાઇન્સ, નાગપુર – 440 001. | છત્તીસગઢ રાજ્ય અને મહારાષ્ટ્ર<br>રાજ્યના આકોલા, અમરાવતી,<br>ઔરંગાબાદ, બીડ, ભંડારા,<br>બુલધાણા, ચંદ્રપુર, ધુળે,<br>ગઢચિરોલી, હિંગોલી, જલગાંવ,<br>જાલના, લાતુર, નાગપુર, નાંદેડ,<br>ઓસ્માનાબાદ, પરભણી, વર્ધા,<br>યવતમાલ જિલ્લાઓ. |

| ક્રમાંક | આરબીઆઈ કાર્યાલયનું નામ અને સરનામું | અધિકાર ક્ષેત્ર |
|---|---|---|
| 16. | જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા, ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>6, સંસદ માર્ગ,<br>નવી દિલ્હી – 110 001. | દિલ્હી રાજ્ય |
| 17. | ડેપ્યુટી જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા,<br>ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>સાઉથ ગાંધી મેદાન,<br>પોસ્ટ બૉક્સ નં. 162,<br>પટણા – 800 001. | બિહાર અને ઝારખંડ રાજ્યો. |
| 18. | ડેપ્યુટી જનરલ મેનેજર<br>રીઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા,<br>ઈશ્યૂ ડિપાર્ટમેન્ટ<br>બૅકરી જંક્શન,<br>પોસ્ટ બૉક્સ નં. 6507,<br>થિરુવઅનન્થપુરમ્ – 695 033. | કેરળ રાજ્ય અને લક્ષદ્વિપના કેન્દ્રશાસિત પ્રદેશો. |